### આમોદ તાલુકાના સૂડી ગામે

# ૫૦ મેગા વોટ્સનો સોલાર પ્લાન્ટ કાર્યાન્વિત કરવા તજવીજ

ભરૂચ,તા.૪

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના સૂડી ગામે સુરતના કે.પી. ગ્રુપ દ્વારા 'સોલારીઝમ' નામથી સોલાર વીજ ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ ૨૬૦ એકર જમીનમાં સ્થાપવામાં આવ્યો છે આ પ્રોજેક્ટમાં ૫૦ મેગા વૉટ્સ વીજ ઉત્પાદન થશે આ પ્લાન્ટમાં વીજળી પેદા કરવા સાથે વિવિધ પાકનું પણ ઉત્પાદન કરવામાં આવશે. આ પ્લાન્ટની મુલાકાત તાજેતરમાં એનર્જી એન્ડ પેટ્રોલિયમના પ્રિન્સિપાલે મુલાકાત લીધી હતી.

## વીજળી ઉત્પાદન સાથે વિવિધ પાક પણ લેવામાં આવશે

સૌર ઉર્જાથી વીજળી પેદા કરવાના મિશન માટે મૉડલરૂપ એવો ૫૦ મેગા વૉટ્સ સોલાર પ્લાન્ટ આમોદ તાલુકાના સૂડી ગામે આકાર પામી રહ્યો છે. જેનો કામગીરી સંપન્ન થવાના આરે છે પ્રથમ તબક્કા બાદ ઉત્પન્ન થતી વીજળીને આમોદ સબ સ્ટેશન ખાતે પહોંચાડવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. સુરતના કે.પી. ગ્રુપ દ્વારા ભરૂચ- જંબુસર રોડ પર આવેલા સૂડી ગામ ખાતે 'સોલારીઝમ' નામથી સોલાર દ્વારા વીજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ ૨૬૦ એકર જમીન પર સ્થાપવામાં આવ્યો છે. જ્યાં ૫૦ મેગાવોટસ થકી એક વર્ષમાં ૮.૫ કરોડ યુનિટ પેદા કરવાનુ આયોજન છે. આ પ્રોજેક્ટની ખાસીયત એ છે કે તેમા સોલાર વીજળીની સાથે સાથે તેની નીચેની ઉપજાઉ જમીનમાં ખેતી કરી શકે, અને વિવિધ શાકભાજીના પાક પણ લેવાયા છે. જેથી ખેતીલાયક જમીનનો બગાડ પણ નહિ થાય. તેની આ વિશેષતાથી આકર્ષાયને ગુજરાતના એનર્જી અને પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટના પ્રિન્સીપાલ સેક્રેટરી એલ ચુઆન્ગોએ મુલાકાત લઈ અત્યંત પ્રભાવિત થયા હતા, અને આ અંગે કેન્દ્ર સરકારમાં રીપોર્ટ કરવાની તૈયારી પણ આપી હતી.

આ નવતર પ્રકારના સોલાર વીજપ્લાન્ટ અંગેની માહિતી આપતા ચેરમેને જણાવ્યુ હતું કે હું પણ અહીંનો જ પરતીપુત્ર છું. અમને વડાપ્રધાનના ૧૦૦ ગીગા વૉટ્સ વીજળી પેદા કરવાના સ્વપ્ન પરથી આ પ્રોજેક્ટનો વિચાર આવ્યો અને પ્રાથમિક સફળતાથી પ્રેરાઇ અમે હવે દેશને આ ક્ષેત્રે રાહ ચિંધીશું.

### સુડા ગામે ૩૩૦ દિવસ સુર્ય કિરણો મળે છે

આમોદ તાલુકાના સુડા ગામે ૩૩૦ દિવસ સૂર્ય કિરણો પ્રાપ્ત થતા હોય છે તેથી અહીંનું વાતાવરણ અનુકૂળ રહે છે.

સુડી ગામે ૩૬૫ દિવસમાંથી ૩૩૦ દિવસ સૂર્યના કિરણો મળે છે. જેથી સોલારથી વિજળી ઉત્પન્ન કરવામાં અહી વાતાવરણ ખુબ અનુકૂળ છે. દેશમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં સોલાર વિજળી પેદા કરવામાં સારી સફળતા મળીકેમ છે.

આમ ભરૂચ જિલ્લાનું નાનકડું સૂડી ગામ સોલાર પાવરક્ષેત્રે આગામી દિવસોમાં રાષ્ટ્રમાં ચમકશેતેમ લાગી રહ્યું છે.

### ભરૂચ જિલ્લામાં સોલારની આવશ્યક્તા કેમ !

- ૩૫૦૦૦ ગામ અને ૩૦ કરોડ લોકો સુધી હજી વિજળી પહોંચી નથી. તે માત્ર સોલારથી સંભવ હાલ દુનિયામાં એનર્જી માટેના ઓઇલ, કોલસો, પાણી જેવા સોર્સ અડધા ખતમ થઇગયા છે જે ૩૦/૪૦ વર્ષમાં પુરા ખતમ થઇ જશે.
- ૧૯૯૭માંભારત ૫૭ ટકા એનર્જી સોર્સ ઇમ્પોર્ટ કરતુ હતુ તે ૨૦૨૦ સુધી ૯૨ ટકા થઇ શકે.
- ભારતમાં ૧૧ ગિગાજુલવિજળીનો વપરાશ જે રેસ્ટ ઓફ વર્લ્ડનો ૧૮ ગિગા જુલ છે.
- વડાપ્રધાન ના સાલ ૨૦૧૯ સુધીમાં ૨૪ કલાક પાવર આપવાના સપનાને સોલાર દ્વારા જ સાકાર કરવું સંભવ
- અત્યાર સુધી દેશમાં ૩૦૦૦ મેગા વૉટસ વિજળી સોલારથી ઉત્પન્ન થાય છે.



આમોદ તાલુકાના સૂડી ગામે કાર્યાન્વિત થનાર સોલાર પ્લાન્ટ નજરે પડે છે.

(તસવીર : ભરૂચ પટેલ)

# નર્મદા શુગરની કન્ટેમ્પટ ઓફ કોર્ટની અપીલ મામલે ગેરમાર્ગે દોરવા પ્રયાસ

રાજપીપળા,તા.૪

... ઓફ ધ કોર્ટની અપીલ મામલે ખેડૂતોમાં ગેરસમજ ફેલાવાતી હોવાનં ...

# કેન્દ્રિય મંત્રીના રાજીનામા સાથે ભરૂચમાં કૉંગ્રેસનો દેખાવો

ભરૂચ,તા.૪

કેન્દ્રીય મંત્રીના નિવેદનના મુદ્દે સમગ્ર રાષ્ટ્રમાં કૉંગ્રેસ વિરોધ પ્રદર્શન કરી રહી છે. ત્યારે ભરૂચના કસક સ્થિત જિલ્લા ભાજપના કાર્યાલય પાસે યુથ કૉંગ્રેસ દ્વારા ઉગ્ર દેખાવો

# છૂટાછેડા બાદ પિતાના ઘરે રહેતી યુવતીનું તળાવમાં ડૂબી જવાથી મોત